# કયામત શા માટે ?

સંપાદક

શાઈરે ઇસ્લામ, રઈસુત્તેહરીર, હઝરત અલ્લામા મૌલાના
સૈયદ એહસાનુલ-હક 'એહસાન' કાદરી હૂદી હુસૈની
(જા-નશીને હઝરત મુહિબ્બે મિલ્લત સૈયદ દાદામિયાંબાપુ રૂપાલવાલે)


: પ્રકાશક :

સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી

મુ. રૂપાલ, તા. બાવલા, જિ. અહમદાબાદ-૩૮૨૨૨૦
Mob : 90 99 88 55 91


: સર-પરસ્ત :

હઝરત મુહિબ્બે
મિલ્લત


પ્રકાશન નં. ૨૬ | તા. ૧૮-૦૫-૨૦૧૭ (૨૧ શાબાન) | નકલ : ૧૦૦૦

# કલામુલ એહસાન
# એહસાનુલ કલામ

અઝઃ શાઈરે ઇસ્લામ સૈયદ એહસાન કાદરી હૂદી હુસૈની
Mob. : 98 244 50 194

હૈ ઝમીંસે આસ્માં તક દબ-દબા સરકારકા
અર્શવાલે કર રહે હૈં તઝકિરા સરકારકા

એક હો ઉનકી ફઝીલત તો બતાઊં, દોસ્તોં !
જિસ્મે અકદસ થા, સરાપા મુઅજિઝા સરકારકા

'રબ્બિ અરિની, લન-તરાની' ગુફ્તગૂ થી તૂર પર
લા-મકાં પર રબને દેખા, દેખના સરકારકા

સરવરે કોને મકાંકા, ક્યા હૈ રુત્બા દેખ લો
હઝરતે આદમસે પહલે દૌર થા સરકારકા

કૈસે દુનિયાવાલે દેતે દર્સ સરવરકો મેરે
જબ પઢ્હાનેવાલા ખુદ રહમાન થા સરકારકા

ચાંદ ભી હસરતસે તકતા રહ ગયા થા ઉસ ઘળી
રખ લિયા સર પર જો મૈંને નકશે પા સરકારકા

મેરે મલજા, મેરે માવા, મેરે દાતા હૈં, નબી !
બે-સહારેકો મિલા હૈ આસરા સરકારકા

મુસ્તફાકા રુત્બા ક્યા હૈ, કૌન સમઝા પાએગા
ખુદ કોઈ સમઝા નહીં જબ મર્તબા સરકારકા

બરકતોંકી બારિશેં, ઘર પર મેરે, હોને લગીં
દે દિયા 'એહસાન' ને જબ વાસ્તા સરકારકા

# કયામત શા માટે ?

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

અસા અંય યબ્અ-સ-ક રબ્બુ-ક મકામમ મહ-મૂદા.
(સૂ-રએ બની ઈસરાઈલ, આયત-૭૯)

યા રસૂલલ્લાહ !

ફ-કત ઈતના સબબ હૈ ઈન્એકાદે બઝ્મે મહશરકા
તુમ્હારી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હૈ

(કયામતના આયોજનનું માત્ર એક જ કારણ છે કે દરેક ઉમ્મતને જાણકારી મળે કે ખુદા તઆલાનો સૌથી અધિક પ્રિય, મહબૂબ રસૂલ કોણ છે !)

ફર્શ પર દેખિયે અર્શ પર દેખિયે
બસ જમાલે નબી જલ્વગર દેખિયે
સરપે કહતે હૈં હોગા શફાઅતકા તાજ
હશ્રમેં શાને ખૈરુલ બશર દેખિયે

# કયામત શા માટે ?

## કયામતનો દિવસ :-

કુર્આનશરીફની ઘણી બધી સૂરતો અને ઘણી બધી વિશ્વાસપાત્ર હદીસોથી, 'કયામત આવશે' એ વાત સાબિત છે. કયામતના દિવસ ઉપર ઈમાન લાવવું અનિવાર્ય અર્થાત અતિશય જરૂરી છે. કયામતના દિવસ પર જે ઈમાન નથી રાખતો એ મુસલમાન જ નથી.

કયામતનો દિવસ ચાળીસ હજાર વર્ષોનો એક દિવસ હશે, જેમાં સૂરજ આથમશે નહીં, બલ્કે સૂરજ જમીનની લગોલગ આવી જશે.

શુક્રે ખુદા કે હશ્રકા દિન હૈ બહુત તવીલ
દેખો કરેંગે હશ્રમેં ચેહરા રસૂલકા
* એહસાન

## કયામત શા માટે ?

કયામતનો દિવસ આમ તો સમસ્ત માનવસૃષ્ટિના કાર્યોના હિસાબ-કિતાબ માટે અને નેકી-બદી તોલવા માટેનો દિવસ છે, પરંતુ ખરેખર તો આ દિવસ સમસ્ત સૃષ્ટિ સમક્ષ આપણા સૌના વ્હાલા નબી સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની શાન-શોકત અને મહત્તા દેખાડવા માટેનો દિવસ છે અને આ માટેજ કયામતનાં મેદાનમાં અલ્લાહ તઆલા સૌ સૃષ્ટિને ભેગી કરશે.

## પ્રથમ સૂર :-

કયામત ઓચિંતી, અણધારી અને અચાનક આવશે. જયારે સૌપ્રથમ વખતે સૂર ફૂંકવામાં આવશે તો તરત જ બધાજ સજીવો

એક સામટા એની ભયંકરતાને કારણે ખતમ થઈ જશે અને સમગ્ર જમીન પરના બધાજ પહાડો, પર્વતો, શિખરો, ટેકરાઓ ભયાનક રીતે વેરવિખેર થઈને કણ-કણ થઈ જશે અને પરસ્પર એકબીજાથી ટકરાઈને કાંતેલા રંગબેરંગી રૂની માફક ઉડતા થઈ જશે અને સમસ્ત ધરતી માંહેથી અને પેટાળમાંથી લાવારસો ઉબલવા લાગશે અને આખી જમીન કઠણ તાંબાની જેમ થઈ જશે.

## આપણા સૌના નબી સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો અનોખો મર્તબો

પ્રથમ સૂર ફૂંકાય એ પહેલાં જ હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના પવિત્ર રોઝા મુબારકનો પૂરેપૂરો હિસ્સો જન્નતમાં સ્થળાંતર કરી દેવામાં આવશે, ત્યારબાદ જ આખી સૃષ્ટિ પર કયામત આવશે.

ખુદાકે ચાહનેવાલોંપે આફત આ નહીં સકતી
નબી જબ તક હૈં દુનિયામેં, ક્યામત આ નહીં સકતી

**બીજો સૂર :-**

કુર્આનશરીફની ઘણી સૂરતોમાં વિગતવાર બયાન છે કે જેવી રીતે મૃતઃપ્રાય ધરતી પર આકાશમાંથી વર્ષા વરસવાથી ચારેકોર લીલુંછમ ઘાસ અને છોડવા ઊગવા માંડે છે એવીજ રીતે કયામતના દિવસે બીજો સૂર ફૂંકાતા, ઝીણા-ઝીણા શબનમ (ઝાકળ) ના ટીપાંઓની જેમ વર્ષા થશે, એની સાથે જ સમસ્ત ધરતીમાં મૃતક માનવીઓના શરીરો તૈયાર થઈ જશે જો કે કોઈનામાં કબરમાંથી બહાર નીકળવાની શક્તિ અને હામ નહિ હોય. (સૂ-રએ વાકેઆ)

## મેહશરમાં સૌપ્રથમ :-

સહીહ હદીસોથી સાફ જાહેર થાય છે કે હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને જિંદગી અને મોતનો અખ્તિયાર આપી દેવામાં આવ્યો હતો. તેમ છતાં આપે આ નાશવંત જગતથી પડદો ફરમાવી લીધો અને હવે કયામતના મેદાનમાં આપ કુદરતે આપેલા પોતાના અખ્તિયાર વડે, પવિત્ર મઝારે મુબારકથી બહાર તશરીફ લાવીને બધા મેહશરવાળાઓ સમક્ષ જલ્વાઅફરોઝ થશે. પછી બીજાઓને જીવતા કરી ઉઠાવવામાં આવશે. જેવું કે હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનું પવિત્ર ફરમાન છે કે કયામતના દિવસે હું જ સૌથી પહેલાં કબરમાંથી ઉઠીશ.

(મિશકાત, ભાગ-૨, બુખારીશરીફ, મુસ્લિમશરીફ, ૫૪૮૨ થી ૫૪૮૯)

## ઉમ્મતની યાદ :-

અમુક રિવાયતોમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ પવિત્ર મઝારે મુકદ્દસથી ઉઠતાંવેંતજ, તરતજ ખૂબજ હૃદયદ્રાવક સ્વરે ઈર્શાદ ફરમાવશે, "અય જિબ્રઈલ ! મારી ઉમ્મતનો શો હાલ છે ?"

શફકત રખી હૈ યાદ, શફાઅત રખી હૈ યાદ
તા-ઝિંદગી વ હશરમેં, ઉમ્મત રખી હૈ યાદ

સૈયદના જિબ્રઈલ અલૈહિસ્સલામ હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો હૃદયદ્રાવક સ્વર સાંભળીને તરતજ હાજર થશે અને અરજ કરશે,

"હે ખુદાના વ્હાલા ! આપ દુઃખી ના થાઓ, આપની ઉમ્મતના લોકો પોતપોતાની કબરોમાં આરામથી સૂઈ રહ્યા છે."

તો હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ કયામતમાં સૌ પ્રથમ ઉઠશે. કયામતના મેદાનમાં જલ્વાગરી ફરમાવશે. પછી સમગ્ર માનવસૃષ્ટિને ઉઠાવવામાં આવશે. દરેક માણસ પોતપોતાના ખભા અને ગરદન (ડોક) પર પોતપોતાના બદ-આમાલ (કામો) ની પોટલીઓ ઉઠાવેલી હાલતમાં ફરતો રહેશે.

નેક લોકોને એમના આમાલનામા (કિતાબ સ્વરૂપે) જમણા હાથમાં આપવામાં આવશે જેઓ ખુશ થતાં-થતાં બધાને બતાવતા-બતાવતા ફરતા હશે.

**વુઝૂની બરકત :-**

કયામતના મેદાનમાં માત્ર વુઝૂ કરવાના બદલામાં આપણી ઉમ્મતના દરેક નેક વ્યક્તિના શરીરના અંગો અને અવયવો એટલે કે કોણીઓ સહિત હાથ, ટખ્ના સહિત પગ અને આખો ચહેરો ચૌદમી રાતના ચાંદની જેમ ઝગઝગિત હશે.

નમાઝીકે બદનપે ભી વુઝૂકી રૌશની હોગી
ક્યામતમેં ભી નેક ઉમ્મતકી આ'લા બરતરી હોગી

**મેહશરની ભયાનકતા :-**

પણ સામાન્યતઃ બધા માટે કયામતનું મેદાન ભયાનકતા અને ભયંકરતાનું મેદાન હશે. જમીન તાંબાની હશે અને આકાશ લોખંડનું થઈ જશે અને સૂરજ જમીનથી લગોલગ સવા નેઝા જેટલું નજીક

આવી જશે.

કયામત હોગી જબ ખુરશીદ નેઝે પર ખળા હોગા
ઝમીં તાંબેકી હોગી, આસ્માં ફૌલાદકા હોગા

અને લોકોના શરીરોનું માંસ પીગળી-પીગળીને એટલો બધો પરસેવો વહેવા માંડશે કે બધા પોતપોતાના નઠારા કરતૂતોનેકારણે પરસેવામાં ડૂબી જશે. કોઈનો પરસેવો ટખ્નાઓ સુધી, કોઈનો ઘૂંટણો સુધી તો કોઈનો કમ્મર સુધી, તો કોઈનો ડોક સુધી હશે, જેમાં ખૂંપી જશે. અમુક તો પરસેવામાં ડૂબકીઓ ખાતા હશે. આમ, ગુનેગારો આવી ભયાનક તકલીફમાં ઉઠશે. એક પ્રકારના આ અઝાબ (ખુદાનો પ્રકોપ) થી ત્રસ્ત લોકો વિચારતા થઈ જશે કે જન્નત મળે કે દોઝખ, પણ હિસાબ-કિતાબ જલ્દી થાય અને પરિણામ તાત્કાલિક મળે.

**ખુદાના દરબારમાં વસીલાની શોધખોળ :-**

અને પછી પરેશાનીઓથી છૂટકારો મેળવવા માટે રબ્બુલ આલમીનના દરબારમાં કોઈનો વસીલો શોધવા લાગશે. બધા મેહશરવાસીઓ સૌપ્રથમ અબૂલ બશર સૈયદના આદમ અલૈહિસ્સલામને શોધવા માંડશે. ઘણી બધી શોધખોળને અંતે, છેવટે હઝરત આદમ અલૈહિસ્સલામ પાસે પહોંચશે.

રિફઅતમેં કમ નહીં હૈ કરીના રસૂલકા
રબકે સિવા અઝીમ હૈ દર્જા રસૂલકા
'લે સબ્ર ઔર નમાઝ સે' રબને કહા, 'મદદ'
વાજિબ હુવા વસીલા નબીકા, રસૂલકા

* એહસાન

## હઝરત સૈયદના આદમ અલૈહિસ્સલામથી ફરિયાદ :-

હઝરત સૈયદના આદમ અલૈહિસ્સલામને જોતાંવેંતજ બધા મેહશરવાસીઓ એકસામટા પોકાર કરવા લાગશે,

"હે હઝરત આદમ ! અમે આપની સંતાન છીએ. આપ અમારા સૌના બાપ છો. અલ્લાહ તઆલાએ આપને દુનિયામાં પોતાના ખલીફા બનાવીને મોકલેલ. ચાલો, કયામતની તકલીફોથી છૂટકારો અપાવો, ખુદાના દરબારમાં અમારો હિસાબ-કિતાબ જલ્દી શરૂ કરાવી આપો, જેથી જલ્દીથી આ આફતમાંથી અમે છૂટી જઈએ. ...ઈશ્ફ-ઊ યા આદમ !....."

મેહશરવાસીઓની આ કાકલુદી સાંભળતાંજ આદમ અલૈહિસ્સલામ રડતાં-રડતાં ફરમાવશે,

"આજે અલ્લાહ તઆલા ઘણાજ જલાલમાં છે. જન્નતમાં મારાથી એક ખતા (ભૂલ) થઈ ગઈ હતી, તેથી હું આજે ખુદાના દરબારમાં જવામાં શરમ અનુભવું છું. હું તમારા લોકોની ભલામણ નથી કરી શકતો. અલબત્ત તમે લોકો હઝરત નૂહ અલૈહિસ્સલામ પાસે જાઓ. અલ્લાહ તઆલાએ એમને 'નજીયુલ્લાહ' બનાવ્યા છે. શક્ય છે કે તેઓ તમારી મદદ ફરમાવે", આમ કહી ફરી આદમ અલૈહિસ્સલામ આક્રંદ કરવા લાગશે અને ફરમાવશે, "યા રબ્બી ! નફસી નફસી, યા રબ્બી ! નફસી નફસી."

## હઝરત સૈયદના નૂહ અલૈહિસ્સલામથી વિનંતી :-

બધાજ મેહશરવાસીઓ આદમે સાની હઝરત નૂહ અલૈહિસ્સલામને શોધવા નીકળી પડશે. ઘણી શોધખોળને અંતે હઝરત નજીયુલ્લાહ સૈયદના નૂહ અલૈહિસ્સલામથી મુલાકાત થશે. આપ પણ "યા રબ્બી ! નફસી, નફસી, યા રબ્બી ! નફસી, નફસી" રડતાં-રડતાં પોકારતા હશે અને રુદન-આક્રંદમાં પરોવાયેલા હશે. આપને બધા મેહશરવાસીઓ પણ કાકલુદીઓ કરશે અને વિનવણી કરશે કે,

"હે હઝરતે નૂહ ! હે આદમે સાની !! ચાલો રબ્બુલ આલમીનના દરબારમાં અમને લઈ ચાલો અને અમારો હિસાબ શરૂ કરાવી દો, જેથી અમારી તકલીફો ખતમ થાય, અમને શાંતિ મળે."

આ સાંભળતાંજ હઝરત નૂહ અલૈહિસ્સલામ રડતાં-રડતાં ફરમાવશે, "હે લોકો ! મેં મારા નાફરમાન દીકરાની ભલામણ કરીને રબ તઆલાની નારાજગી વ્હોરી લીધી હતી, તો હું આજે રબ તઆલા સમક્ષ ભલામણ કરવાને કાબેલ નથી, આ કામ મારાથી નહીં થઈ શકે. તમે બધા હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામ પાસે જાઓ, એટલા માટે કે અલ્લાહ તઆલાએ એમને પોતાના 'ખલીલ' બનાવ્યા છે, કદાચ એમનાથી તમારૂં કામ થઈ જશે." આમ ફરમાવી આપ ફરી રુદન-આક્રંદ કરવા લાગશે અને ફરમાવશે,

"યા રબ્બી ! નફસી, નફસી, યા રબ્બી ! નફસી, નફસી."

## હઝરત સૈયદના ઇબ્રાહીમ અલૈહિસ્સલામથી વિનવણી :-

બધા મેહશરવાસીઓ નિરાશ વદને હઝરત નૂહ અલૈહિસ્સલામ પાસેથી પરત થશે અને હવે હઝરત સૈયદના ઈબ્રાહીમ અલૈહિસ્સલામને શોધવા લાગશે. તો ઘણી શોધખોળ પછી હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામની સેવામાં પહોંચી જશે અને વિનવણી કરશે,

"હે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ ! અલ્લાહે આપને પોતાના ખલીલ (ખાસ મિત્ર) બનાવ્યા છે. ચાલો, આજે અલ્લાહના દરબારમાં પધારીને અમારા માટે રજૂઆત કરી દો, અને અબઘડી હિસાબ ચાલુ કરાવી આપો. આજે આ આગ ઝરતી ગરમીથી અમે સળગી રહ્યા છીએ."

આ સાંભળીને હઝરત સૈયદના ઈબ્રાહીમ અલૈહિસ્સલામ ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડી પડશે અને ફરમાવશે :

"દુનિયામાં મેં ત્રણ અસત્યો કહ્યાં હતાં, તેથી એની શરમને ખાતર, આજે હું રબ્બુલ આલમીનના દરબારમાં જીભ ખોલવાથી વિવશ છું. આપ લોકો હઝરત મૂસા અલૈહિસ્સલામ પાસે જાઓ, અલ્લાહ તઆલાએ એમને 'કલીમ' બનાવ્યા છે. શક્ય છે તેઓ તમારા માટે સિફારશ કરી દે." આમ ફરમાવી આપ પણ ફરી રડવા લાગશે, અને ફરમાવશે, "યા રબ્બી ! નફસી, નફસી, યા રબ્બી ! નફસી, નફસી."

(મિશ્કાત, ભાગ-૨, હદીસ નંબર : ૫૩૦૬)

## હઝરત મૂસા અલૈહિસ્સલામથી કાકલુદી :-

પછી બધા મહશરવાસીઓ રડતાં-રડતાં, બૂમો પાડતાં-પાડતાં, હઝરત મૂસા કલીમુલ્લાહ અલૈહિસ્સલામને શોધવા નીકળી પડશે. ઘણી શોધખોળને અંતે આપથી મુલાકાત થઈ જશે. આપ પણ પોતાનું માથું મુબારક નમાવીને રુદન-આક્રંદમાં વ્યસ્ત હશે, ફરમાવતા હશે,

"યા રબ્બી ! નફસી, નફસી, યા રબ્બી ! નફસી, નફસી."

બધા મેહશરવાસીઓને જોતાં પૂછવા લાગશે,

"આપ લોકો મારી પાસે કેમ આવ્યા છો ?"

તો મેહશરવાસીઓ રોતાં-કકળતાં અરજ કરશે,

"હે હઝરતે મૂસા ! અલ્લાહ તઆલાએ આપને પોતાના કલીમ બનાવ્યા છે. ચાલો, આજે રબના દરબારમાં અમને લઈ જઈને અમારો હિસાબનો આરંભ કરાવી આપો, જેથી અમારી મુશ્કલીઓ ટળે."

આ સાંભળી મૂસા અલૈહિસ્સલામ પણ રડી પડશે અને ફરમાવશે :

"હે લોકો ! દુનિયામાં મારી હાથે ખતબી મરી ગયો હતો. તો એ ભૂલને કારણે હું એ લાયક નથી કે અલ્લાહના દરબારમાં હોઠ હલાવી શકું. તમે બધા હઝરત ઈસા અલૈહિસ્સલામ પાસે જાઓ, અલ્લાહ તઆલાએ એમને 'રૂહુલ્લાહ' બનાવ્યા છે. તેઓ કદાચ તમારા માટે ભલામણ કરશે." આમ કહી મૂસા અલૈહિસ્સલામ ફરી રડવા લાગશે,

"યા રબ્બી ! નફસી, નફસી, યા રબ્બી ! નફસી, નફસી."

## હઝરત સૈયદના ઈસા અલૈહિસ્સલામથી અરજ :-

પછી બધા મેહશરવા   ઓ શોધતાં-શોધતાં હઝરત મસીહ સૈયદના ઈસા અલૈહિસ્સલામની સેવામાં પહોંચશે અને અરજ ગુજારશે,

"હે હઝરત ઈસા ! આજે અમે સખ્ત મુશ્કેલી અને આફતમાં સપડાયેલા છીએ. અલ્લાહ તઆલાએ આપને 'રૂહુલ્લાહ' બનાવ્યા છે. ચાલો, રબ્બુલ આલમીનના દરબારમાં અમારી સિફારશ કરી દો." આ સાંભળી આપ સાફ-સાફ ઈર્શાદ ફરમાવશે :

"હે મેહશરવાસીઓ ! તમે આમ-તેમ રઘવાયા થઈને કેમ ભટકી રહ્યાં છો ? આજે ભલામણ કરવાની ત્રેવડ કોઈની અંદર નથી. આજે બધાને બધા મજબૂર, વિવશ અને લાચાર છે. આજે માત્ર અને માત્ર શા-ફએ મેહશર, સાકી-એ કૌસર, હઝરત સૈયદના મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ જ રબ્બુલ આલમીનના દરબારમાં સિફારશ કરી શકે છે. અલ્લાહ તઆલાએ એમન પોતાના 'હબીબ' અને 'મહબૂબ' બનાવ્યા છે. આજે અલ્લાહના મહબૂબ સિવાય કોઈનામાં હામ નથી કે રબ્બુલ આલમીનના દરબારમાં જવાની ચેષ્ટા કરી શકે. તમે બધા અહીં-તહીં રખડતા ના ફરો, હઝરત સૈયદના મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની બારગાહમાં હાજર થઈ જાઓ, તમારૂં કામ એમનાથી જ બનશે."

આદમ ન તો મસીહો ખલીલો કલીમકા
કામ આએગા વસીલા રસૂલે કરીમકા

**શફીએ રોઝે મેહશર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની સેવામાં ફરિયાદ :-**

આ સાંભળીને બધાજ મેહશરવાસીઓ ખૂબજ કાકલુદીભર્યા સ્વરે, આશાઓ અને ઉમેદોના આવેશ અને આવેગમાં, વિનંતીઓ અને વિનવણીઓ કરતાં-કરતાં, રડતાં-રડતાં, રુદન-આક્રંદ કરતાં-કરતાં, આંસુઓના દરિયાઓ વહાવતાં-વહાવતાં બુલંદ અવાજમાં એકી સ્વરે પોકાર કરવા લાગશે,

"અગિસ્ના યા રસૂલલ્લાહ ! અગિસ્ના યા નબીયલ્લાહ ! અગિસ્ના યા રસૂલલ્લાહ ! અગિસ્ના યા હબીબલ્લાહ !" મેહશરવાસીઓના આ દર્દભર્યા રુદન-આક્રંદ અને પોકારોથી કયામતનું મેદાન ગુંજી ઉઠશે.

અને આ કાકલુદીઓ અને વિનવણીઓ સાંભળતાં જ, શફાઅતે કુબ્રાના તાજદાર, શફીઉલ મુઝનેબીન, હઝરત સૈયદના મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ "લબ્બૈક યા અહલે મહશર ! લબ્બૈક યા અહલે મહશર !" કહતાં-કહેતાં મેહશરવાસીઓને ખૂબજ દિલાસો આપશે અને ફરમાવશે,

"હા, હા, મેહશરવાસીઓ ! ગભરાશો નહીં, ડરો નહીં, હું આવી ગયો છું. હું તમારી શફાઅત કરીશ. આજે હું તમારી મદદ કરીશ. ચાલો મારી સાથે, મારી પાછળ-પાછળ આવો."

એટલે કે બધાજ મેહશરવાસીઓના ગમ-ખ્વાર, શફીએ રોઝે શુમાર, શફાઅતના માલિકો મુખ્તાર, મેહશરના તાજદાર, હબીબે કિરદિગાર, મહબૂબે પરવરદિગાર બધાને દિલાસો, સાંત્વના અને તસલ્લી આપતાં-આપતાં અલ્લાહના દરબારમાં પહોંચી ગુનાહગારોની શફાઅત કરાવશે.

હશ્રમેં શૌર થા રહમતી રહમતી, થી નબીકી સદા ઉમ્મતી ઉમ્મતી
પેશ કરતે રહે આસિયોંકો નબી, રબ યૂં કહતા રહા જન્નતી જન્નતી

મારા ઈમાની સહભાગીઓ !

અહીં આપણે સૌને ખૂબજ ઊંડાણપૂર્વક ચિંતન-મનન કરવું પડશે કે : મેહશરવાસીઓ રબ્બુલ આલમીનના દરબારમાં સીધેસીધા ડાયરેક્ટ (માધ્યમ વિના) પહોંચી નથી જતા ? પયગંબરોનો વસીલો કેમ શોધી રહ્યાં છે ?

દરેક પૈગંબર બીજા પૈગંબર પાસે કેમ મોકલી રહ્યો છે ? આ પૈગંબરો મેહશરવાસીઓને પોતે અલ્લાહના દરબારમાં કેમ નથી દોરી જતા ? અથવા ડાયરેક્ટ સીધેસીધા કેમ મોકલી નથી દેતા ?

અથવા દરેક નબી, હઝરત શફીએ મેહશર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનું ઠેકાણું કેમ નથી બતાવી દેતો. જો કે દરેક નબી, આપણા હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના બુલંદો બાલા રુત્બા અને હોદ્દાને જાણે છે. દરેક નબી આપને પોતાના ઈમામ બનાવી ચુકેલ છે. અને પોતાના સરદાર, પોતાનો વસીલો, પોતાનો નકીબ અને પોતાના શફીઅ પણ બનાવવાવાળા છે.

મહબૂબે મૌલા, કા'બાકે કા'બાકે સામને
મૈં ચલ પળા હૂં, ખલ્કકે આકાકે સામને
હાઝિર તો હોંગે હશરમેં સબ અંબિયા મગર
તકતે રહેંગે વો શહે બત્હાકે સામને
* એહસાન

ધ્યાનથી સાંભળો !

મેહશરવાસીઓ વસીલાના મહત્ત્વથી ખૂબ સારી રીતે વાકેફ છે.

મેહશરવાસીઓને દરેક પૈગંબર પાસે એટલા માટે ફેરવવામાં આવે છે જેથી દરેક પૈગંબરની મેહશરમાં મજબૂરી, વિવશતા અને લાચારી જાહેર થાય અને છેવટે બધા મેહશરવાસીઓને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દરબારમાં એટલા માટે મોકલવામાં આવશે જેથી બધા મેહશરવાળાઓ સમક્ષ હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની ભવ્યાતિભવ્ય શાન, મહાન રુત્બો, શફાઅતે કુબ્રા જાહેર થાય. આપના ઈમ્તિયાઝી (અનન્ય) મર્તબા (સ્થાન) નો પરિચય થાય.

ફ-ક્ત ઇતના સબબ હૈ ઇન્એકાદે બઝમે મહશરકા
તુમ્હારી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હૈ

અર્થાત્ :- કયામતના આયોજનનું માત્ર એક જ કારણ છે કે દરેક ઉમ્મતને ખુદાના શ્રેષ્ઠ નબી અને સર્વોધિક પ્રિય રસૂલનો પરિચય તથા મહત્વ જાણવા મળે.

વળી, યહૂદીઓ-ખ્રિસ્તીઓ અને બીજી ઉમ્મતોને એવો ગુમાન કરવાની તક ન મળે કે જો મેહશરવાળાઓ અમારા પૈગંબર પાસે આવતા તો તેમની મુશ્કેલી દૂર થઈ જતી ! અમારા પૈગંબર એમની શફાઅત અને સિફારશ ફરમાવી દેવા સક્ષમ હતાં.

અર્થાત્ કે મેહશરમાં બધાજ પૈગંબરોની મજબૂરી, લાચારી, વિવશતા અને છેવટે હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો અખ્તિયાર તેમજ બેમિસાલ રુત્બો દેખાડવાનો આશય અને હેતુ છે. તેથીજ મેહશરવાસીઓને પહેલાં બીજા નબીઓ પાસે મોકલવામાં આવશે.

તો છેવટે હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ સમસ્ત માનવસૃષ્ટિના મહાન પેશવાની હૈસિયતથી રબ્બુલ આલમીનના દરબારમાં પહોંચશે.

આ દિવસે અલ્લાહ તઆલા ખૂબજ જલાલ અને કહરમાં હશે. તો જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ અલ્લાહ તઆલાના અનહદ જલાલને જોશે, તો તરત વિનમ્રભાવે સજદામાં પડી જશે અને સજદાવસ્થામાં અલ્લાહ તઆલાની એવી લા-જવાબ હમ્દો સના, તારીફ, તૌસીફ, પ્રશંસા અને શાને કિબરિયાઈ બયાન ફરમાવશે કે એવી હમ્દો સના આજ સુધી કોઈએ કરી નહિ હોય અને કદી પણ કોઈ એવી હમ્દો સના કરી નહીં શકે.

તો પોતાના મહબૂબ દ્વારા કરાતી આવી બેમિસાલ તારીફ, તૌસીફ અને હમ્દો સના સાંભળતાં અલ્લાહ તઆલાનો જલાલ ઓછો થઈ જશે અને એના રહમો કરમના દરિયામાં જોશ આવી જશે.

હૈ કિસકી ઐસી શાહે દીં ! મિસાલ તેરે સિવા
ખુદાકા કૌન કરે કમ, જલાલ, તેરે સિવા

અને અલ્લાહ તઆલા પોતાની કરીમી, રહીમીની શાનથી પોતાના વ્હાલસોયા મહબૂબો હબીબ, દિલબરને ખૂબજ પ્રેમપૂર્વક, મોહબ્બતથી, વ્હાલ અને પ્યારથી ઈર્શાદ ફરમાવશે,

"વર-ફઅ રા-સ-ક યા હબીબ !"

અર્થાત્ : "હે મારા વ્હાલસોયા મહબૂબ ! આપના માથાને ઊંચું કરો અને માંગો, શું માંગો છો ? આપની શફાઅત (સિફારશ, ભલામણ) કબૂલ કરવામાં આવશે."

તો હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ અરજ કરશે :

"હે કરીમ માલિક ! મેહશરવાળાઓ અત્યંત તકલીફમાં છે. આમાલનો હિસાબ શરૂ થઈ જાય તો મોટો ઉપકાર થશે."

તો રબ્બે ગફૂરના રહમો કરમનો દરિયો જોશ મારવા લાગશે. અને હુકમ થશે કે ઈન્સાફની તરાજૂ (ત્રાજવું) લગાવી દેવામાં આવે. તો ઈન્સાફની તરાજૂ લાગશે કે બધાજ મેહશરવાસીઓ કે જેમાં કાફિરો-મુશ્રિકો પણ હશે, સૌને એક પ્રકારની શાંતિ મળશે. આ શાંતિ આપનાર વ્યવસ્થા પણ શફાઅતે કુબ્રાનો એક ભાગ છે.

**શાને મહબૂબી :-**

તો જ્યારે બધા મેહશરવાળા ભવ્ય અર્શે આઝમ સામે ભેગા થશે ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ અર્શે આઝમની જમણી બાજુ ઊભા હશે અને ફરિશ્તાઓના સરદારના હાથે અથવા

સ્વયં દસ્તે કુદરતથી આપને એક ભવ્યાતિભવ્ય, ખાસુલ-ખાસ, વિશિષ્ટ, લાજવાબ પોશાક અર્પણ ફરમાવીને પહેરાવવામાં આવશે અને આપના પવિત્ર સરમુબારક ઉપર શફાઅતે કુબ્રાનો બેમિસાલ તાજ સજાવવામાં આવશે. આપની આવી લાજવાબ, બેમિસાલ, અજોડ, અદ્વિતીય, બેનઝીર શાન-શૌકતને જોઈને બધા મેહશરવાસીઓ હતપ્રભ થઈ જશે અને ભાવુક થઈને લાંબી મુદત સુધી એકબીજા સામે આપની શાનશૌકતના બયાનોનો દૌર ચલાવતા રહેશે.

કૈસે બયાં હો મુઝસે અઝમત, મદીનેવાલે !
અલ્લાહ કર રહા હૈ મિદહત, મદીનેવાલે !
દુશ્મન ભી માન લેંગે, મહશરમેં મર્તબોંકો !
દેખેંગે જબ તુમ્હારી શૌક્ત, મદીનેવાલે !
* એહસાન

**મકામે મહમૂદ :-**

આપની શાનદાર ધોરણે શફાઅતે કુબ્રાની તાજપોશી કરવામાં આવશે પછી તરતજ આપને "મકામે મહમૂદ" પર ખૂબજ શાનપૂર્વક બિરાજમાન ફરમાવવામાં આવશે. જેવું કે અઝાન પછીની દુઆમાં છે. મકામે મહમૂદનું વિગતવાર બયાન કુર્આનશરીફમાં મોજૂદ છે. હદીસોમાં તો ઠેકઠેકાણે આનું વિવરણ છે. મકામે મહમૂદ અર્શે અકબરની જમણી બાજુ એક ખાસ આલીશાન ખુરશીદાર મહેલ છે જેની ઉપર એક અતિશય અદ્દ્ભુત ખુબસૂરત અને સુંદર ખુશનુમા ગુંબજ પણ છે. આ ગુંબજની ઉપર એક ઘણોજ સુંદર રૌનકદાર

કળશ છે. આ કળશની ઉપર એક લીલોછમ ઝંડો ફરકતો હશે. આ ઝંડાનું નામ પવિત્ર હદીસોમાં "લિવાઉલ હમ્દ" આવેલ છે.

(બુખારી, મુસ્લિમ, તિર્મિઝી)

યહાં ભી ગમસે નજાત હોગી, વહાં ભી ગમસે નજાત હોગી
મેરે નબી હૈં હબીબે દાવર, ન ખૌફ હોગા ન માત હોગી
હૈં મુસ્તફા અંબિયાસે અફઝલ, સરે ક્યામત યે દેખ લેના
મકામે મહમૂદ પર, નબીકી પનાહમેં કાઇનાત હોગી

* એહસાન

**મીઝાને આ'માલ :-**

મકામે મહમૂદની બરોબર સામે જ મીઝાને આમાલ (સારા અને બુરા કાર્યો તોલનાર ત્રાજવું) સ્થાપિત થશે. દરેક ઉમ્મતીનું આમાલનામું હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની સામેજ બલ્કે આપની નિગરાની હેઠળ તોલવામાં (જોખવામાં) આવશે.

**મીઝાનમાં દુરૂદો સલામનું વિશિષ્ટ વજન :-**

હઝરત અલ્લામા મૌલાના શમસુદ્દીન મોહમ્મદ બિન મોહમ્મદ અલ ખૈરી અશ્શામી રહમતુલ્લાહે અલૈહે પોતાની જગવિખ્યાત હદીસની કિતાબ "હિસ્ને હસીન"માં તફસીરે કૈશરીના હવાલાથી આલેખન ફરમાવે છે કે :

કયામતના મેદાનમાં જ્યારે ઉમ્મતે મોહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના આમાલનામાઓ તોલવામાં આવશે ત્યારે એની પૂરેપૂરી નિગરાની હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમ ફરમાવતા રહેશે.

કિસ લિયે ફિક્ર કરેં હશ્રકે દિન ક્યા હોગા ?!!
સામને ઉન્કે, જો કુછ હોગા, વોહ અચ્છા હોગા

આ અરસામાં એક ઉમ્મતીના આમાલનામામાં ગુનાહો પુષ્કળ હોવાથી ગુનાહોનું પલ્લું ભારેખમ થઈને નમી પડશે, આ દૃશ્ય જોઈને આપનો ઉમ્મતી એકદમ ભયભીત અને આકુળ-વ્યાકુળ થઈ જશે.

પોતાના આ ઉમ્મતીની પરેશાની જોઈને આપણા આકા સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમ પોતાની જગ્યાએથી એકદમ ઊભા થઈ જશે અને આંગળીના ટેરવા જેટલી એક નાનકડી ચબરખી પોતાની પાસેથી કાઢીને એ ઉમ્મતીની નેકીઓના પલ્લામાં મૂકી દેશે તો તરતજ નેકીઓનું પલ્લું ભારેખમ થઈને નમી જશે. પરિણામે એ ઉમ્મતીને જન્નતનો હકદાર ઠેરવવામાં આવશે.

આપ સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમની આ અપાર કૃપા અને રહેમ-નજરી તેમજ મહેરબાની જોઈને એ ઉમ્મતી ખુશખુશાલ વદને હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમની સેવામાં ઉપસ્થિત થશે અને અરજ કરશે,

"હુઝૂર ! આપ કોણ છો ? આપની શકલ-સૂરત કેવી નૂરાની છે ! આપે આવા કપરા સમયે મારી મદદ ફરમાવી છે જ્યારે કે હું જહન્નમનો કોળિયો બનવાની અણી પર હતો."

આ સાંભળી હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમ મુસ્કુરાતાં-મુસ્કુરાતાં ઈર્શાદ ફર્માવશે,

"અરે હું તારો નબી મોહમ્મદુર રસૂલુલ્લાહ છું અને આ જે કાગળની ચબરખી મેં રાખી એ તારા દુરૂદો સલામ છે જે દુનિયામાં

તું મારી ઉપર મોકલતો રહેતો હતો. મારી ઉપર તારૂં દુરૂદો સલામ મોકલવું આજે તારા માટે આ ભયાનક મુશ્કેલી દૂર કરનાર બની ગયું.''

(ઝાદુસ સઈદ, મવાહિબુલ લદુન્નિયા)

દુરૂદોંકી નગરી, સલામોંકી બસ્તી
રહેગા જો ઇસમેં બનેગા બહિશ્તી

**હદીસુલ બતાકા :-**

કયામતના મેદાનમાં મીઝાને આમાલના નેકીઓના પલ્લાને, ઝિક્રે ''લા-ઈલા-હ ઈલ્લલ્લાહો મોહમ્મદુર રસૂલુલ્લાહ''નો ટુકડો અને દુરૂદો સલામનો કાગળનો ટુકડો પણ નમાવી દેશે. બંને રિવાયતો સત્ય છે.

કલ્મા-દુરૂદ પઢનેકા રબને સિલા દિયા
મીઝાનપે સવાબકા પલ્લા ઝુકા દિયા

**બધા અમ્બિયા અલૈહિમુસ્સલામ ઝંડા હેઠળ :-**

આ બાજુ બધા લોકોની નેકી-બદી તોલવામાં આવતી હશે અને પેલી બાજુ એટલે કે મકામે મહમૂદના લીલાછમ ઝંડા તળે બધાજ અમ્બિયાએ કિરામ આકા મૌલા હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમનો વસ઼ીલો લેવા માટે ભેગા થઈ જશે. અને આપણા સૌના આકા સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમ રબ્બુલ આલમીનના દરબારમાં બધા નબીઓ તરફથી ખતીબ (ગુફતેગો ફરમાવનાર) બનીને સિફારશ ફરમાવશે. અને અલ્લાહ તઆલા પોતાના ફઝલો કરમથી આપની સિફારશ કબૂલ ફરમાવશે.

(બુખારી શરીફ, તિર્મિઝી શરીફ)

આ માટેજ રસૂલલ્લાહના આશિકો પોકારી ઉઠે છે કે :-

હમારે નબી ઇમામુલ અમ્બિયા
હમારે નબી ઇમામુલ મલાએકા
હમારે નબી સૈયદુલ અમ્બિયાં
હમારે નબી સૈયદુલ મલાએકા
હમારે નબી નબીયુલ અમ્બિયા
હમારે નબી નબીયુલ મલાએકા
હમારે નબી ખતીબુલ અમ્બિયા
હમારે નબી શફીઉલ અમ્બિયા
હમારે નબી સૈયદે કુલ કાયનાત
હમારે નબી, નબીએ કુલ કાયનાત

(હવાલાઓ :- મિશ્કાતુલ મસાબીહ, હદીસ : ૫૪૮૨ થી ૫૪૮૯, દારમી શરીફ, તિર્મિઝી શરીફ, મુસ્લિમ શરીફ, બુખારી શરીફ, વગેરે.....)

**હૌઝે કૌસર :-**

અમારા નબી સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમ મીઝાને અદ-લ (ઈન્સાફની તરાઝૂ) ઉપર હિસાબ-કિતાબ દરમ્યાન ઉપસ્થિત હશે, એજ સમયે, હૌઝે કૌસર ઉપર પણ જલ્વાગરી ફરમાવશે. અને પોતાના આશિકોને કૌસરના શરબતના પ્યાલાઓ ભરી-ભરીને ખૂબ-ખૂબ પીવડાવશે. જેનાથી મહશરની ગરમી અને તરસ છિપાઈ જશે અને શાંતિ અને રાહત નસીબ થશે.

જીતે હૈં હમ રસૂલકી ઉલ્ફતકે વાસ્તે
આકા હૈં મુઝ ગુલામકી રાહતકે વાસ્તે
કૌસરકે જામ, સાકી-એ કૌસર પિલાએંગે
કિતના હસીં નિઝામ હૈ ઉમ્મતકે વાસ્તે

* એહસાન

હૌઝે કૌસર પર, રસૂલલ્લાહના દુશ્મનો, રસૂલલ્લાહના એહલે બૈતના શત્રુઓ અને વલીઓના દુશ્મનો પણ ધસી આવશે, જેમને ફરિશ્તાઓ ધક્કા મારીને દૂર તગેડી મૂકશે. અને એલાન કરી દેવામાં આવશે કે આજે રસૂલલ્લાહના મહબૂબો (ઈમાનવાળાઓ) સિવાય કોઈને પણ કૌસરનું શરબત નસીબ નહીં થાય.

**પુલસિરાત :-**

હૌઝે કૌસર પર તૃપ્ત કર્યા પછી અમારા આકા સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમ પોતાની ઉમ્મતને લઈને પુલસિરાત પર પહોંચશે.

રિવાયત છે કે મે'રાજની રાત્રે સિદ્રતુલ મુન્તહા પર જ્યારે હઝરત જિબ્રઈલ અલૈહિસ્સલામ રોકાઈ ગયા અને અમારા આકા સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમ એકલા આગળ વધ્યા તો ફરમાવ્યું કે :-

"યા જિબ્રઈલ ! હલ લ-ક હા-જ-તુન"

એટલે કે, 'હે જિબ્રઈલ ! ફરમાવો, તમારી કોઈ જરૂરત છે ?'

હઝરત જિબ્રઈલ અલૈહિસ્સલામે અરજ કરી,

"હે અલ્લાહના હબીબ ! મને એટલી પરવાનગી અર્પણ ફરમાવો કે આપની ઉમ્મત પુલસિરાત પરથી પસાર થવા લાગે તો એમના પગોની નીચે હું મારી (વિશાળ) પાંખો પસારી (પાથરી, બિછાવી) દઊં અને મારી પાંખો ઉપર થઈને આપની ઉમ્મત સહેલાઈથી પુલસિરાત ઓળંગી લે."

અમારા આકા સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમે મધુર સ્મિત વેરીને પરવાનગી અર્પણ ફરમાવી દીધી.

અર્થાત્ કે આપણા આકા સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમ પોતાની ઉમ્મતને લઈને પુલસિરાત ઉપરથી પસાર થતા રહેશે અને આપ પોતાના ઉમ્મતીઓને પુલસિરાત પર સહારો આપતા રહેશે, આ સમયે આપની પવિત્ર જીભે આ દુઆ ચાલુ હશે,

"યા રબ્બે સલ્લિમ, યા રબ્બે સલ્લિમ સલ્લિમ." (બુખારી શરીફ)

એટલે કે : રબ્બુલ આલમીન ! મારી ઉમ્મતને સલામતીથી પસાર કરી દે. ઈમાનવાળા આશિકાને રસૂલુલ્લાહ, પલક ઝપકતાં પુલસિરાત ઓળંગી લેશે. આ કારણે અમુક વીજળીની જેમ પસાર થઈ જશે. કેટલાક પવનની જેમ ઓળંગશે. અમુક ઝડપી ઘોડાની જેમ નીકળી જશે. કેટલાક ઊંટોની ગતિથી પસાર થશે. કેટલાક જરાયે ઈજા વિના પસાર થશે. કેટલાક થોડાક ઘાયલ થઈને ઓળંગશે. અમુક ટુકડે-ટુકડા થઈને પસાર કરશે. અમુક કપાઈને જહન્નમમાં પડી જશે. જેના ઈમાનની જેટલી તાકત હશે, એ પ્રમાણે પસાર થશે. બે-ઈમાન પસાર થઈ શકશે નહિ અને દોઝખમાં પડી જશે.

કીના નબીસે, નારે જહન્નમ દિખાએગા
'તબ્બત યદા'કા દર્સ હૈ ઇબરતકે વાસ્તે
✻ એહસાન

**જન્નતના દરવાજા :-**

આપ પોતાની ઉમ્મતને લઈને પુલસિરાત ઓળંગી આગળ વધતાં જન્નતની નજીક એટલે કે જન્નતના દરવાજે જલ્વાગર થશે તો જન્નતના દારોગા હઝરત રિઝવાન પોકાર કરશે :-

"આજે જન્નતના દરવાજા હબીબે રબ્બુલ આલમીન સિવાય કોઈના માટે પણ ખોલવામાં નહીં આવે."

આ સાંભળી હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ઈર્શાદ ફરમાવશે :

"રિઝવાન ! હું આવી ગયો છું. જન્નતના દરવાજા ખોલી દો. મારી સાથે મારી ઉમ્મત છે."

આ સાંભળતાં જ હઝરત રિઝવાન અલૈહિસ્સલામ જન્નતના દરવાજા ખોલી નાખશે. અર્થાત દરવાજા ખુલશે તો માત્ર અને માત્ર આપણા આકા માટે પરંતુ જે કોઈ ઉમ્મતીને આકા સાથે લેશે, તે પણ જન્નતમાં દાખલ થઈ જશે.

**દરેક જગ્યાએ મુસ્તફાનો જલ્વો :-**

આપણા આકા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની આ પણ અલૌકિક શાન હશે કે આપ એકજ સમયે 'મકામે મહમૂદ'માં પણ જલ્વાગર હશે, મીઝાને અદ્‌લ ઉપર પણ જલ્વાગર હશે, હૌઝે

કૌસર ઉપર એજ સમયે પોતાના આશિકોને શરબતના જામ પણ પીવડાવતા હશે અને એજ સમયે પુલસિરાત પર પોતાની ઉમ્મતને સહારો પણ આપી રહ્યા હશે. અને જન્નતના દરવાજા પણ ખોલાવી રહ્યા હશે. દોઝખના દરવાજેથી પોતાની ઉમ્મતને પરત પણ લાવી રહ્યા હશે. અને આવીજ રીતે કયામતનાં મેદાનમાં જે ખૂણામાંથી આપનો કોઈ ઉમ્મતી "યા રસૂલલ્લાહ" કહી પોકાર કરતો હશે ત્યાં આપ "હું હાજર છું હે ઉમ્મતી" એમ ફરમાવી એની મદદ પણ ફરમાવી રહ્યાં હશે.

વોહ ભી બંદે હૈં જો મહબૂબે ખુદા હોતે હૈં
હાં મગર ઉનકે ક્માલાત સિવા હોતે હૈં
મેરે આકા તો ઉસી શાનકે માલિક હૈં જો
એક હી વક્તમેં દો-ચાર જગાહ હોતે હૈં

આજ કારણે ફકીર તમને લલકારી રહ્યો છે કે :

હે મારા ઈમાની ભાઈબંધુઓ !

હઝરત રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની મોહબ્બત પેદા કરો, એમની મોહબ્બત અને ઈશ્કમાં ફના થઈ જવું જ દીન-દુનિયાની સૌથી મોટી સફળતા છે.

કાઇમ હૈ જિસકે દિલમેં મુહબ્બત રસૂલકી
ઢૂંઢેગી હશ્રમેં ઉસે જન્નત રસૂલકી

* એહસાન

આપણા આકા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના અખ્તિયારની શી વાત કરૂં ?

જેમના વસીલાથી અલ્લાહ તઆલાના રહમો કરમના સમુદ્રમાં જોશ આવી જાય છે.

જેમના દીદારથી મોતની તકલીફો પણ રાહતબક્ષ બની જાય છે.

જેમની મુસ્કાનથી કબરના સવાલ-જવાબમાં સફળતા મળી જાય છે.

જેમની મહેરબાનીથી કૌસરના જામ પ્રાપ્ત થાય છે.

જેમના ઈશારાથી કબર, જન્નતનો બગીચો બની જાય છે.

જેમની નિગરાની હેઠળ પુલસિરાત પાર થઈ જાય છે.

જેમના હુકમથી જન્નતના દરવાજા ખુલી જાય છે.

જેઓ જહન્નમમાંથી કાઢીને જન્નતમાં પહોંચાડે છે.

જેઓ શફાઅતે કુબ્રાવાળા છે.

જેમના દીદારથી જન્નતમાં પણ રાહત અને શાંતિ મળશે.

તો હે લોકો ! એમનો દામન દુનિયામાં જ મજબૂત પકડી રાખો. સમસ્ત સૃષ્ટિ એમના કાજે જ બનાવવામાં આવી છે. તો એમની જોડે સંબંધ મજબૂત બનાવી રાખો. એમની જ શાન દેખાડવા માટે સૃષ્ટિ અસ્તિત્વમાં આવી અને એમની શાનશૌકત અને ઉચ્ચ માનમર્તબો દેખાડવા માટે કયામતનું મેદાન સ્થાપિત થશે.

તો હે મારા ઈમાની ભાઈબંધુઓ !

જરા વિચાર-વિમર્શ તો કરો કે દરેક માણસ જોડે નેકી-બદી લખનારા બે ફરિશ્તા તો હરહંમેશ હોય છે જેમના નામ કુર્આને કરીમમાં "કિરામન કાતેબીન" આવેલ છે. તો અલ્લાહ તઆલા પોતાના ફરિશ્તાઓના લખાણને જાણે છે. બલ્કે અલ્લાહ પોતેજ આલિમુલ ગૈબ છે તેથી દરેકની નેકી-બદીથી સારી રીતે વાકેફ છે. તો જો અલ્લાહ તઆલા, કિરામન કાતેબીનના રિપોર્ટ આધારે અથવા પોતાના ઈલ્મે ગૈબના ધોરણે, નેક લોકોને પોતાના ફઝલો કરમથી જન્નતમાં અને ખરાબ લોકોને પોતાના અદ્લો ઈન્સાફથી જહન્નમમાં નાખી દે તો એને કોણ પૂછનાર છે ? એનાથી જવાબ માંગવાની કોનામાં હામ છે ? એની આગળ તુમાખી કરવાની કોનામાં ત્રેવડ છે ?

કયામતનું મેદાન કોઈ દુનિયાવી રાજકારણ નથી કે માણસો ત્યાં અલ્લાહ તઆલા વિરૂધ્ધ હડતાળો પાડે અને રેલીઓ કાઢે અને કાળા વાવટા ફરકાવે અને સુત્રોચ્ચાર કરે !! નારાબાજી કરે કે અમારો હિસાબ-કિતાબ કાંઈ લીધો નહીં અને ડાયરેક્ટ જહન્નમમાં નાખી દીધા !! નેકી-બદી કાંઈ તોલી નહીં અને દોઝખમાં ધકેલી દીધા ! ઈન્કેલાબ ઝિંદાબાદ ! ઈન્કેલાબ ઝિંદાબાદ !

મહોતાજ, લાચાર, અસહાય, નિ:સત્ય, નિરાધાર બંદાઓ, અહ-કમુલ હાકેમીન વિરૂદ્ધ અવાજ ઉઠાવવો તો ઘણી મોટી વાત છે, અરે, ઉફ નથી કહી શકતા, શ્વાસ નથી લઈ શકતા, પલકારો નથી મારી શકતા, સિસકારો નથી મારી શકતા !!

તો એ અહ-કમુલ હાકેમીનના કયામતનો હિસાબ-કિતાબનો દિવસ નિયુક્ત કરવાની જરૂર જ ક્યાં હતી? આની શી આવશ્યકતા હતી? નઊઝુબિલ્લાહ, એને કોઈ વસ્તુની મોહતાજી જ ક્યાં છે?

ખુદાના સોગંધ ! અલ્લાહ તઆલાએ કયામતનો હિસાબ-કિતાબનો દિવસ એટલા માટે નિયુક્ત ફરમાવ્યો છે બધા માણસો અને ફરિશ્તાઓ સામે પોતાના હબીબ હઝરત સૈયદના મોહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમની અલૌકિક શાન-શૌકત અને મહાન માન-મર્તબો દેખાડે. મેહશરવાળાઓ હુઝૂરની શાન જોઈ લે. જન્નતી પણ જુએ કે તે કોની મુહબ્બતના કારણે જન્નતમાં જઈ રહ્યો છે અને દોઝખી પણ જોઈ લે કે તે કોની અદાવત અને ગુસ્તાખીના કારણે જહન્નમમાં જઈ રહ્યો છે. કયામતનો દિવસ નિયુક્ત કરવાની આ સિવાય કોઈ જરૂર નથી.

હબીબે ખુદાકા મકામ, અલ્લાહ અલ્લાહ
ખુદા ભેજતા હૈ સલામ, અલ્લાહ અલ્લાહ
રસૂલોંકે સરવર હૈં નબિયોંકે સુલ્તાન
વોહી હૈં ઇમામુલ ઇમામ, અલ્લાહ અલ્લાહ
સરે હશ્ર બખ્શેગા ઉન સબકો ખાલિક
જો હોંગે તુમ્હારે ગુલામ, અલ્લાહ અલ્લાહ
વલીકા, નબીકા જો દુશ્મન બના હૈ
જહન્નમ હૈ ઉસકા મકામ, અલ્લાહ અલ્લાહ

આજ કારણે ખુદાની કુદરત પોતાની અલૌકિક ભાષામાં પોકારી રહી છે કે :-

જો કયામતનું મેદાન નિયુક્ત ન થાત અને જન્નતીઓ જન્નતમાં અને દોઝખીઓ દોઝખમાં આમ જ જતા રહેતા, તો હે મારા હબીબ! બધા નબીઓની મજબૂરી અને આપનો અખ્તિયાર કોણ જોતું ?

અર્શે આઝમની જમણી બાજુ ઊભા રહીને બેમિસાલ પહેરવેશ પહેરતા આપને કોણ જોતું ?

હમ્દના ઝંડાને આપના કબજામાં કોણ જોતું ?

ઈન્સાફના તરાઝૂ પાસે આપને સિફારશ કરતા કોણ જોતું ?

આપને નેકીઓના પલ્લા નમાવતા કોણ જોતું ?

મકામે મહમૂદમાં આપની જલ્વાગરી કોણ જોતું ?

બધા નબીઓને આપના ઝંડા તળે ભેગા થતા કોણ જોતું ?

બધા નબીઓની સરદારી કરતા આપને કોણ જોતું ?

આપને બધા નબીઓની શફાઅત ફરમાવતા કોણ જોતું ?

હૌઝે કૌસર પર આપનો કબ્જો કોણ જોતું ?

પુલસિરાત પર આપની ઉમ્મતને સહારો આપતા આપને કોણ જોતું ?

આપને જન્નતના દરવાજા ખોલાવતા કોણ જોતું ?

આપને જહન્નમમાંથી ગુનેગારોને કાઢીને જન્નતમાં પહોંચાડતા કોણ જોતું ?

હે હબીબલ્લાહ ! બધા લોકો સામે, બધા ફરિશ્તાઓ સામે,

આપની શાને મહબૂબી દેખાડવા માટે કયામતનું આયોજન કરવામાં આવ્યું છે.

ફ-ક્ત ઇતના સબબ હૈ ઇન્એકાદે બઝમે મહશરકા
તુમ્હારી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હૈ

સલ્લલ્લાહો તઆલા અલા સૈયિદિલ મુર્સલીન.
વઅલા આલેહી વઅસ્હાબેહી અજ-મઈન.
બે રહ-મતે-ક યા અર-હમર રાહેમીન

## એક નઝર ઇધર ભી !

હઝરત મુહિબ્બે મિલ્લતની સર-પરસ્તીમાં સ્થપાયેલ, સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી (રૂપાલ) લગભગ ઈ.સ. ૧૯૮૫ થી (છેલ્લા ૩૨ વર્ષથી) દીન અને સુન્નિયતની સેવામાં કાર્યરત છે. લગભગ ઈ.સ. ૧૯૯૮ થી (છેલ્લા ૧૮ વર્ષથી) નાની-મોટી કિતાબો સ્વરૂપે ઈસ્લામી ગુજરાતી સાહિત્યનો પ્રચાર અને પ્રસાર 'મફત'માં કરી રહેલ છે. અત્રે સંસ્થા દ્વારા પ્રકાશિત પુસ્તકોની યાદી રજૂ કરેલ છે. જો કે હાલમાં આ કિતાબોનો સ્ટોક બિલ્કુલ નથી, માટે મંગાવશો નહિ. આવી જૂની-નવી કિતાબો વધુને વધુ પ્રગટ કરવાની નેમ છે. માટે આપનો આજ સુધી મળેલ સદાબહાર આર્થિક સહકાર આજે અને ભવિષ્યમાં પણ અનિવાર્ય છે. ડોનેશન, લિલ્લાહ, અતિયા, ઈમદાદ, ઝકાત, કુર્બાનીની ખાલની રકમ, મર્હૂમોના ઈસાલે સવાબની રકમ, જે પણ કહો, સૌ પ્રકારની આર્થિક મદદ મોકલી શકો છો. અન્ય સખી દાતાઓ, હમદર્દો, મુજાહિદો તથા વાંચકોને પણ શામેલ કરી શકો છો.

એક વાત યાદ રાખશો કે પોસ્ટઓફિસ દ્વારા મનિઓર્ડરથી જે રકમ આવે છે તેની સાથે સાથે મોકલનારના નામ, સરનામા કે ફોન નંબર કે રકમનો પ્રકાર વગેરે વિગતો બિલ્કુલ મળતી નથી. જેથી સંસ્થાને જાણ થતી નથી કે દાતા કોણ છે અને રકમ શાની છે ? માટે મનિઓર્ડર કરો તો અલગથી પોસ્ટકાર્ડ, ફોન, **SMS** કે વોટ્સએપ દ્વારા પૂરી જાણકારી મોકલી આભારી કરશો. જેથી સંસ્થા આપને રકમ મળ્યાની પહોંચ કે મંગાવેલ કિતાબ કે અન્ય સાહિત્ય ચોક્કસ મોકલી શકે.

## પ્રસિધ્ધ થયેલ અન-અવેલેબલ (અપ્રાપ્ય) પ્રકાશનો

(૧) જરૂરી દુઆઓ (૨) ઈમાની તારલા ભાગ-૧ (૩) ઈમાની તારલા ભાગ-૨ (૪) રૂપાલના રૂહાની રહબર (૫) નસીમે સહર (૬) ખ્વાજા-એ આઝમ (૭) મુબલ્લિગે આઝમ (૮) ઘરથી કબર સુધી (૯) રાહે તરીકત (૧૦) લૈલતુલ કદ્રની ઈબાદત (૧૧) હજ-ઉમરાહના એહકામ (૧૨) રહમતની ઋતુ (૧૩) ૪૦ હદીસ (૧૪) સફી-નએ નૂહ (૧૫) ઈસ્લામી તાલીમ (૧૬) કુર્આનના મોતી (૧૭) રૂહાની ઈન્આમ (૧૮) મન્સબે રસૂલે આઝમ (૧૯) નસીમે હરમની સુધારા-વધારાવાળી આવૃત્તિ (૨૦) એ'તેકાફ અને લૈલતુલકદ્ર (૨૧) ગૌસે આઝમકે ૧૧ નામ (૨૨) વલીયુલ્લાહના પરિચય આપતું પોસ્ટર (૨૩) કશ્ફુશ શુબ્હાત (૨૪) તોહફ-એ હરમ (૨૫) ઘરથી કબર સુધી (બીજી આવૃત્તિ)

(યાદ રહે, આ કિતાબો સ્ટોકમાં નથી, મંગાવવી નહીં)

**તદ્દન નવા પ્રકાશનો મળશે.**

(૨૬) કયામત શા માટે ? (૨૭) હઝરત ઝકરિયા મુલ્તાની

મફત પ્રકાશનો પ્રાપ્ત કરવા તથા દરેક પ્રકારની મદદ કરવા માટે સંપર્ક કરો.

**સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી**

મુ. રૂપાલ, તા. બાવળા, જિ. અહમદાબાદ-૩૮૨૨૨૦.

(મો.) ૯૦ ૯૯ ૮૮ ૫૫ ૯૧

# હઝરત એહસાને મિલ્લતકા

## કલામનુમા તારૂફ (કાવ્ય સ્વરૂપ પરિચય)

હક-પરસ્તોંકે લિયે તો ખુશ્નુમા એહસાન હૈં
અહલે બાતિલકે લિયે ઇક ઝલઝલા એહસાન હૈં

ફઝલે મૌલા, આલે અહમદ, પેશવા એહસાન હૈં
ક્યા કહૂં, ઇસ્લામકી નઝરોંમેં ક્યા એહસાન હૈં

મુસ્તફા, એહસાન હૈં મૌલાકા, યે કુઆઁ કહે.
'કાદરી એહસાં' શહે કૌનૈનકા એહસાન હૈં

આફતાબે શાહે તયબહકી કિરન, સુલ્તાન હૂદ
માહતાબે શાહે પટ્ટનકી ઝિયા એહસાન હૈં

તૈયબો તાહિર નસબ હૈ કાદરી હૈ સિલસિલા
મજ-મઉલ બહરૈન હૈં રબકી અતા એહસાન હૈં

હૈં સરાપા સાદગી ઔર ખાકસારી બે-નઝીર
ઇબ્ને હૈદર, સાહિબે જૂદો સખા એહસાન હૈં

ઝાત હૈ હર દિલ અઝીઝ ઔર ઈમ્તિયાઝી હૈં સિફાત
આસ ગુર્બાકી, યતીમોંકી દુઆ એહસાન હૈં

હૈં મુદર્રિસ ઔર મુસન્નિફ, શાઇરો આલિમ ઇમામ
જાને કિતની ખૂબિયોંકા કાફલા એહસાન હૈં

બાત મીઠી, નર્મ લેહઝા, મુન્ફરીદ અખ્લાક હૈં
મુસ્તફાકી રહમતોંકા આઇના એહસાન હૈં

હૈં સનાખ્વાને વલીયુલ્લાહ, મદ્દાહે રસૂલ
હઝરતે હસ્સાનકી, પ્યારી અદા એહસાન હૈં

નાતગોઈ પુર-અસર, તર્જે ખિતાબત લા-જવાબ
આપકા સાની નહીં, શાને ખુદા એહસાન હૈં

સબ મુરીદોંકો યે લેકર જાએંગે પેશે હુઝૂર
નાઝ હૈ કે હામિએ રોઝે જઝા એહસાન હૈં

કૌન રોકે, કૌન ટોકે, હક બયાં કરતે હૈં આપ
લશ્કરે 'દાદામિયાં' કે સૂરમા એહસાન હૈં

હૈ લિખા 'એહસાન' ને, મૈં હૂં દરે તયબહકી ખાક
ઇસકા મતલબ, હમ મરીઝોંકી શિફા એહસાન હૈં

કૌમકો રુશ્દો હિદાયતકી, દિખાઈ રહગુઝર
અહલે સુન્નતકે હકીકી રહનુમા એહસાન હૈં.

લિખ દિયા 'અહમદ રઝા' ને જો ઘરાના નૂરકા
ઉસ ઘરાનેકા અજૂબા મહઁબા એહસાન હૈં

કાશ ! 'અશરફ' કે કસીદે, સૈયદોં મેં હોં કુબૂલ
સૈયદોંકે યૂં ભી મુઝ પર બેશુમાર એહસાન હૈં

અઝઃ શાઈરે જદીદ નિઝામ કુરૈશી અશરફી અશરફ અહમદાબાદી
Mob. : 93 28 786 92 0

# ઇસ્લામી ભાઈઓને ખાસ અપીલ

હઝરત મુહિબ્બે મિલ્લતની સર-પરસ્તીમાં સંચાલિત સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી (રૂપાલ) દીનો મિલ્લત તથા અહલે સુન્નતની સેવાના વિવિધ કાર્યક્રમો સંજોગો અને શક્યતા અનુસાર કરતી રહે છે. ઈસ્લામે, ઇલ્મે દીન પ્રાપ્ત કરવું ફરજિયાત કરેલ છે. એટલે આ સંસ્થા અવારનવાર નાની-મોટી ઇસ્લામી કિતાબો પ્રગટ કરી તેની મફત વહેંચણી કરી લોકોને જ્ઞાનની ધારાથી તરબોળ કરે છે. આ નેક કામમાં આપ વાંચકો, હમદર્દો, સેવાભાવી સજ્જનો, સખી દાતાઓ, મુરીદો તથા સુન્નીઓનો આર્થિક સાથ-સહકાર સૌથી વધારે મહત્વ ધરાવે છે. માટે આપ સૌનો હાર્દિક આભાર માની, આપની સદાબહાર મદદની આશા રાખીએ છીએ જેથી કરીને અમે આપની વધુને વધુ સેવા કરી શકીએ.

સખાવતકી દિલમેં અગર ચાંદની હૈ
યહી રૌશની કબ્રમેં દેખની હૈ

**રમઝાન શરીફમાં લિલ્લાહ તથા ઝકાત મોકલી દીની પ્રકાશનો મફત મેળવો.**

મદદ મોકલવાનું સરનામું :

## સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી

મુ. રૂપાલ, તા.બાવલા, જિ.અહમદાબાદ-૩૮૨૨૨૦
Mob. : 90 99 88 55 91

પ્રિન્ટેડ & ડીઝાઇન બાય : MP મદની પ્રિન્ટર્સ (અહમદાબાદ-૧) ફોન: 93 28 786 920